નંદાસણમાં માલધારી સમાજની રેલીમાં પોલીસ પર પથ્થરમારો

પોલીસ દ્વારા ૨૭ ટીયરગેસના સેલ છોડાયા

મહેસાણા, તા. ૧૦

આજે નંદાસણમાં માલધારી સમાજની કાઢવામાં આવેલી રેલી દરમિયાન એકાએક પોલીસ ઉપર કરવામાં આવેલા પથ્થરમારા બાદ પરિસ્થિતિ વણસતાં પોલીસને ૨૭ ટીયરગેસના સેલ છોડવાની ફરજ પડી હતી. જેથી ટોળુ વિખેરાઈ જતાં મામલો થાળે પડ્યો હતો. પોલીસે અત્યાર સુધીમાં ૧૧૫ લોકોની અટકાયત કરી છે. જ્યારે આ મામલે ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

તાજેતરમાં કડી તાલુકાના રાજપુર ગામે નજીવી બાબતે સર્જાયેલી તકરારમાં રાજુ દેસાઈ નામના ખેરપુરના યુવાનનું મોત થયું હતું. આ ઘટનાનો વિરોધ કરવા માટે આજે રાજપુર હાઈવે પર માલધારી સમાજના લોકો એકઠા થયા હતા અને નંદાસણ પોલીસ મથક સુધીની રેલી કાઢી હતી. નંદાસણ નજીક પહોંચતા અહીં ઉભેલા પોલીસ કાફલાએ રેલીને અટકાવી ડીવાયએસપી મંજિતા વણઝારાએ આવેદનપત્ર લઈ રેલીને વિખેરવા જણાવ્યું હતું. બીજી તરફે રેલી પોલીસ મથકે લઈ જવાનો પ્રયાસ થતાં એકાએક પોલીસ અને માલધારીઓ વચ્ચે રકઝક થઈ હતી. જેમાં કેટલાક લોકોએ પોલીસ ઉપર પથ્થરમારો કરતાં જોતજોતામાં મામલો બીચક્યો હતો. પોલીસે ટોળાને વિખેરવા હળવો લાઠીચાર્જ કરી ટીયરગેસના સેલ છોડતા લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. સર્જાયેલી ઘટનાને પગલે મહેસાણાના પોલીસ અધિક્ષક નિલેશ જાજડીયા સહિતનો પોલીસ સ્ટાફ નંદાસમ પહોંચ્યો હતો અને આ ઘટના અંગે નંદાસણ પોલીસ મથકે ગુનો દાખલ કરવાની તીજવીજ હાથ ધરીને વાહનો કબજે લેવા ઉપરાંત કેટલાક લોકો સામે અટકાયતી પગલાં લેવાની કામગીરી શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. જ્યારે નંદાસણ અને રાજપુરમાં ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

મોડાસા સહયોગ ચોકડીથી ડુગરવાડા ચોકડી સુધી વૃક્ષોના નિકદંનથી પર્યાવરણપ્રેમીઓમાં રોષ

મોડાસા, તા. ૧૦

રાજ્ય સરકાર વનમહોત્સવની જોરશોરથી ઉજવણી કરી પર્યાવરણ બચાવો વૃક્ષ

વાવો અને વૃક્ષ બચાવો અને મોટે ઉપાડે વૃક્ષારોપણ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. બીજી બાજુ વનતંત્ર વિભાગ દ્વારા જ અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના બાયપાસ રોડ પર સહયોગ ચોકડીથી ડુગરવાડા ચોકડી સુધીના માર્ગ પર લીલા ઘટાદાર વૃક્ષોનું અગમ્ય કારણોસર નિકંદન કરવામાં આવતા પર્યાવરણ પ્રેમીઓમાં ઉગ્ર રોષ ફેલાયો હતો. દયા ફાઉન્ડેશનના જયેશ ભટ્ટ અને ડ્રિમલેન્ડ ગ્રુપના લોકોએ વૃક્ષોનું નિકંદન અટકાવવા વૃક્ષ કાપતા લોકોને રજુઆત કરતા વૃક્ષ કાપવાની મંજૂરી મળી હોવાનું ધરાર જણાવતા પર્યાવરણ પ્રેમીઓની વન વિભાગ તંત્રની અને સરકારની બેધારીનીતિ સામે ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો અને કલેકટર એમ.નાગરાજનને વૃક્ષોનું થતું આડેધડ નિકંદન અટકાવવા અંગે રજુઆત કરી હોવાનું જણાવ્યું હતું.

ગૌરક્ષકના હત્યારાઓને કડક સજાની માંગ સાથે પાલનપુરમાં રેલી

બનાસકાંઠા માલધારી વિકાસ સંગઠન દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર અપાયું

કડી તાલુકાના ખેરપુર ગામના ગૌરક્ષકની હત્યા કરવામાં આવી છે. જેમના હત્યારાઓને

કડક સજા કરવામાં આવે તેમજ પરિવારજનોને યોગ્ય વળતર મળે તેમાટે બનાસકાંઠા માલધારી વિકાસ સંગઠન દ્વારા ગતરોજ રેલી યોજી જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ.

કડી તાલુકાના ખેરપુર ગામના ગૌરક્ષક રાજુભાઈ રબારીની કસાઈઓ દ્વારા હત્યા કરવામાં આવતાં ધર્મપ્રેમી જનતામાં ભારે રોષ ઉદ્દભવવા પામ્યો છે. આ હત્યારાઓને કડક સજા કરવા માટે માલધારી સમાજ દ્વારા આવેદનપત્રો આપવામાં આવી રહ્યા છે. જ્યાં બનાસકાંઠા માલધારી વિકાસ સંગઠન દ્વારા જિલ્લા કલેકટર સંદિપ સાગલેને આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ. જેમાં જણાવાયું હતુ કે, રાજુભાઈ રબારી ગાયોને બચાવવાનું તથા કતલખાના બંધ કરાવવા માટે હંમેશા કાર્યશીલ હતા. જેમની હત્યાને માલધારી સમાજ સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે. અને તેમના હત્યારાઓને જેલના હવાલે કરી કડક સજા કરવામાં આવે, માલધારી સમાજ ઉપર થતાં અત્યાચાર બંધ કરવામાં આવે, કતલખાને જતી ગાયોને બચાવવામાં આવે તે માટે પોલીસ બંદોબસ્ત કરવો તેમજ ગેરકાયદે ચાલતા કતલખાના તાત્કાલિક ધોરણે બંધ કરવામાં આવે તેવી માંગણી છે. રેલી તેમજ આવેદનપત્ર આપતી વખતે ગોપાલસેના, શ્રીરામ સમિતિ, જય ભવાની સેના તેમજ હિંદુ સંગઠનોના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ચણાની ખરીદી પેટે ટૂંક સમયમાં ચૂકવણું કરાશે

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લામાં નાફેડ વતી રાજ્ય નોડલ એજન્સી ગુજકોટ દ્વારા એકમાત્ર મોડાસા ખરીદ કેન્દ્ર ખાતેથી ચણાની ટેકાના ભાવે કુલ ૨૧૭૩૭.૬૦ ક્વિન્ટલ (મૂલ્ય રૂ. ૯.૫૬ કરોડ) ખરીદી કરવામાં આવેલ છે. જેનો લાભ જિલ્લાના ૧૪૫૪ લાભાર્થી ખેડૂતોએ લીધેલ છે. જે પૈકી ૨૩૧ લાભાર્થી ખેડૂતોને રૂ. ૧.૩૮ કરોડની ચુકવણી સીધી જ બેંક ખાતાઓમાં કરવામાં આવેલ છે. જ્યારે ૧૨૨૩ જેટલા લાભાર્થી ખેડૂતોને રૂ. ૮.૧૮ કરોડની ચૂકવણી બાકી છે.

આ માટે રાજ્ય નોડલ એજન્સીઓને બાકી ફંડ પુરૂ પાડવા નાફેડ, નવી દિલ્હીને તેમજ ભારત સરકારને દરખાસ્ત કરવામાં આવેલ છે. આ ઉપરાંત ચણા અને રાયડાની ખરીદી માટે ખેડૂતોને સમયસર ચૂકવણું થાય તે માટે કુલ રૂ. ૮૦ કરોડ રીવોલ્વીંગ ફંડ છુટું કરવા માટે રાજ્ય સરકારને દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મંજૂર થયેથી ચણાની ખરીદી સાથે સંકળાયેલ રાજ્ય નોડલ એજન્સીઓને હિસ્સા મુજબ ફાળવી આપવામાં આવશે.

મોડાસામાં દુકાનો-મકાન પાસેના દબાણો પર બુલડોઝર

નગરપાલિકા તંત્ર દ્વારા દબાણ હટાવવાની કામગીરીમાં વ્હાલા-દવલાની નીતિ અપનાવી હોવાની બુમ

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં બસ સ્ટેન્ડથી કડીયાવાડા રોડ પર દુકાનદારોએ દુકાન બહાર દબાણ કરતા અને કેબીનધારકોએ નગરપાલિકાની મંજૂરી લીધા વગર રોડની આજુબાજુ કેબિનો ખડકી દેતા રોડ અદ્રશ્ય બન્યો હોય તેમ ટ્રાફિકજામ સતત રહેતા નગરપાલિકાતંત્ર દ્વારા બસ સ્ટેન્ડથી કડીયાવાડા રોડ પર ગેરકાયદેસર દબાણ કરનાર ૩૦ જેટલા દબાણકારો અને કેબીનધારકોને નોટિસ આપી દબાણ દૂર કરવા જણાવાયું હોવા છતાં દબાણ નહિ હટાવતા નગરપાલિકા તંત્ર સાથે દબાણ હટાવવાની કામગીરી હાથ ધરી દબાણ પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. દબાણ કરનાર દુકાનધારકોમાં દબાણ હટાવવાની કામગીરીમાં નગરપાલિકા તંત્ર વ્હાલા-દવાલાની નીતિ અપનાવી હોવાની અને સત્તાધીશો મતનું રાજકારણ રમતા હોવાનું જણાવી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. નગરપાલિકા તંત્રની દબાણ હટાવવાની કામગીરીમાં પારદર્શતા ન હોવાનું અને દેખાવ પૂરતી કામગીરી કરવામાં આવી હોવાનું લોક મુખે ચર્ચાતું હતું અને નગરપાલિકા તંત્ર દ્વારા સર્વે કરી નિશાન કર્યું હોય ત્યાં સુધી દબાણ હટાવવામાં આવેની માંગ નગરપાલિકાના કોર્પોરેટરે અને જાગૃત નાગરિકોએ કરી હતી.

મોડાસા નગરપાલિકા તંત્રના એન્જીનીયર દેવાંગ સોની અને સેનેટરી ઈન્સ્પેકટર સુનિલ રાજપુરોહિત અને નગરપાલિકાના કર્મચારીઓ ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે શુક્રવારે મોડાસા કડીયાવાડા રોડ પર જેસીબી મશીન સાથે ઓપરેશન હાથ ધરી દબાણ હટાવવાની કામગીરી શરુ કરતા દબાણ કરનાર દુકાનદારોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો અને નગરપલિકાના કર્મચારીઓ સાથે ઉગ્ર રજુઆત કરવા છતાં નગરપાલિકા તંત્ર દ્વારા બુલડોઝર ફેરવી દઈ દબાણો દૂર કરવાની કામગીરી યથાવત રાખતા દબાણો હટાવવામાં આવતા નગરપાલિકા તંત્રની કામગીરીની લોકોએ સરાહના કરી હતી અને સમગ્ર મોડાસા શહેરમાં નગરપાલિકા તંત્ર કોઈ પણની શેહ-શરમ રાખ્યા વગર દબાણો દૂર કરવામાં આવે તેવી માંગ કરી હતી.

મોડાસા નગરપાલિકાના વિપક્ષના એક કોર્પોરેટર દબાણ હટાવવાની કામગીરીમાં બેધારી નીતિનો આક્ષેપ

મોડાસા નગરપાલિકાના વિપક્ષના કોર્પોરેટરે નગરપાલિકા તંત્ર દ્વારા કડીયાવાડા રોડ પર દબાણની કામગીરી સર્વે મુજબ કરવામાં ન આવતી હોવાનો અને નાગરપલિકા તંત્રના સત્તાધીશો અને અધિકારીઓ દબાણકારો સામે ભળી જઈ દબાણ હટાવવાની કામગીરીનો ફિયાસ્કો થયો હોવાનું અને દબાણકારો સામે શરણાગતિ સ્વીકારી લીધી હોવાનો અને સર્વે પ્રમાણે દબાણ હટાવવા માટે સોશ્યલ મીડિયામાં અભિયાન ચલાવ્યું હતું. તેની વારંવાર દબાણ હટાવવાની લેખિત અને મૌખિક રજુઆત નગરપાલિકાના સત્તાધીશો અને અધિકારીઓ આગળ કરી હોવા છતાં દબાણકારો સામે યોગ્ય પગલાં ભરવામાં નિષ્ફળ રહ્યું હોવાનો દાવો કર્યો હતો.

હાથીદ્રામાં જૂની અદાવતમાં જૂથ અથડામણથી તંગદિલી

બંને પક્ષના ઇજાગ્રસ્તોને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા

પાલનપુર તાલુકાના હાથીદ્રા ગામમાં અગાઉની તકરારની અદાવતમાં બે જૂથો એકબીજા પર જીવલેણ હથિયારો વડે હુમલો કરતા ગામમાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો. બનાવ અંગે બન્ને જૂથ દ્વારા સામ-સામે મારામારીની ફરીયાદ નોંધાવવામાં આવી છે. જે આધારે પોલીસે હાલમાં બન્નેની ફરીયાદ લઈ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર તાલુકાના હાથીદ્રા ગામે રહેતા મલસિંહ હિંમતસિંહ ડાભી, રાજપાલસિંહ મલસિંહ ડાભી, ગુણવંતસિંહ મલસિંહ ડાભી, દિનેશસિંહ કેવળસિંહ ડાભી, અરવિંદસિંહ અરજણસિંહ ડાભી, ગુલાબસિંહ જુજારસિંહ ડાભી, બલસિંહ હિંમતસિંહ ડાભી, સંજયસિંહ મહેન્દ્રસિંહ ડાભીએ ગેરકાયદેસર મંડળી રચી હાથમાં લોખંડની પાઈપ, લોખંડનો સળીયો, લાકડીઓ જેવા પ્રાણઘાતક હથિયારો ધારણ કરીને અગાઉ થયેલ તકરારની અદાવત રાખી અપશબ્દો બોલતા મામલો ગરમાયો હતો. તેમાં પાઈપથી હજુરસિંહ શંકરસિંહ ડાભીને માથાના ભાગે તથા લોખંડના સળીયાથી માથાના ભાગે ડાબી બાજુએ તથા લોખંડની પાઈપ પગમાં અને લાકડીથી ડાબા પગના ઢીંચણ ઉપર ઈજાઓ કરી તથા જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી. આ અંગે હજુરસિંહ શંકરસિંહ ડાભીએ પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે સામેના પક્ષે બલસિંહ હિંમતસિંહ ડાભીએ પાલનપુર તાલુકા પોલીસ મથકે હજુરસિંહ શંકરસિંહ ડાભી, રાહુલસિંહ હજુરસિંહ ડાભી, અરજણસિંહ શંકરસિંહ ડાભી, કિશનસિંહ અરજણસિંહ ડાભી, સચીનસિંહ અરજણસિંહ ડાભી, સિકંદરસિંહ કુમારસિંહ ડાભી (રહે.હાથીદ્રા) વાળાઓ સામે નોંધાવેલી ફરીયાદ અનુસાર આ ઈસમોએ પણ તલવાર, લાકડીઓ જેવા પ્રાણઘાતક હથિયારો લઈ આવી અગાઉની તકરારની અદાવતમાં બલસિંહ હિંમતસિંહ ડાભીને બાથે થઈ તથા દિનેશસિંહ નામના યુવકને પીઠ તથા કમરના ભાગે લાકડીઓથી આડેધડ માર મારી ઈજાઓ કરી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હોવાની ફરીયાદ પાલનપુર તાલુકા પોલીસ મથકે નોંધાવતા પોલીસે ફરીયાદ આધારે બન્ને પક્ષોની ફરીયાદ નોંધી તપાસ તાલુકા પી.એસ.આઈ એ.વાય.પટેલ ચલાવી રહ્યા છે.

પવિત્ર શ્રાવણ માસ દરમિયાન કતલખાના બંધ કરવાની માંગ સાથે આવેદનપત્ર અપાયું

પવિત્ર શ્રાવણ ચાલુ થવા આડે હવે માત્ર ગણતરી નાજ દિવસો બાકી રહ્યા છે શ્રાવણ માસ ને હિન્દૂ ધર્મમાં પવિત્ર માસ તરીકે ગણવામાં આવે છે હિન્દૂ ધ્વરા શ્રાવણ માસ દરમ્યાન પૂજા અર્ચના તેમજ દાન પુણ્ય કરતા હોય છે હિન્દૂ ભાઈઓ ની લાગણી ન દુભાય તે માટે આજે ધાનેરા અંબાજી મંદિર ખાતે મોટી સંખ્યા માં હોઉંડુ ભાઈઓ ભેગા થઈ ને અંબાજી મંદિર વિશાલ રેલી યોજી હતી અને ધાનેરા મામલતદાર કચેરીએ પહોંચી આવેદન પત્ર આપી માંગણી કરી હતી કે ટૂંક જ સમય માં પવિત્ર શ્રાવણ માસ ની શરૂઆત થઇ રહી છે ત્યારે અમારી લાગણી ને માન આપી પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન ધાનેરા ના કતલખાના બંધ કરાવવા વિનંતી કરી હતી અને સાથે સાથે સરકાર ઉપર આક્ષેપ કરતા જણાવ્યું હતું મોટા ભાગ ના તમામ કતલખાના ગેરકાયદેસર ચાલે છે તંત્ર ને વારંવાર રજૂઆત કરવામાં આવી રહી છે છતાં પણ તંત્ર કાર્યવાહી કરવાના બદલે આવા લોકોને છાવરી રહી છે માટે જો હવે તંત્ર ધ્વરા કાર્યવાહી કરવામાં નહિ આવે અને જો આ કતલખાના બંધ નહિ થાય તે હિન્દૂ સમાજ ધ્વરા કતલખાના રેડ પાડવામાં આવશે અને જો કોઈ ઘટના ઘટશે તો તેના માટે સંપૂર્ણ જવાબદાર તંત્ર ગણાશે શ્રાવણ માસ દરમિયાન હિન્દુભાઈઓ ની લાગણી ન દુભાય તે માટે તંત્ર જાગૃત બને અને કતલખાના બંધ કરાવે તેવી લોક માંગ ઉઠવા પામી છે

ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજ બનાસકાંઠા જિલ્લાનું ગૌરવ વધારેલ છે

શ્રીમાળી રંજનબેન બળદેવભાઈ મુ. ઘુડીયાકોટ ડીસા તેઓ જીપીએસસીની પરીક્ષા ક્લાસ-૨ સીડીપીઓની પરીક્ષા પાસ કરી સીડીપીઓ તરીકે આઈસીડીએસ ઘટક-૧ વડગામ, સીડીપીઓ તરીકે નિમણુંક પામેલ છે. તે બદલ બનાસકાંઠા જિલ્લા ગુજરાત ગુરૂબ્રાહ્મણ સમાજનું ગૌરવ વધારેલ છે. તેમાં તેઓ નાની ઉંમરે સીડીપીઓ તરીકે પસંદગી પામેલ છે. તે બદલ બનાસકાંઠા ગુરૂબ્રાહ્મણ સમાજના પ્રમુખ અરવિંદભાઈ ચારાસીયા તથા ઉપ પ્રમુખ બાબુભાઈ શ્રીમાળી આસેડાવાળા તથા જિલ્લાના યુવા પાંખના પ્રમુખ મહેન્દ્રબાઈ શ્રીમાળી તથા એમના પિતા બળદેવભાઈ શ્રીમાળી તથા સમાજના આગેવાનો હર્ષની લાગણી અનુભવે છે.

માલપુરના રંભોડા ગામે મહિલાને વીજ કરંટ લાગતા મોત

માલપુર તાલુકાના રંભોડા ગામે શુક્રવારે સવારે વીજ કરંટ લાગતા મહિલાનું મોત નિપજતા કરૂણ ઘટના બનતા રોહિત સમાજમાં શોકની લાગણી છવાઈ હતી. રંજનબેન બાલાભાઈ ચમાર (ઉં. વર્ષ ૩૬) ઘરકામ દરમિયાન લાઈટની સ્વીચ ચાલુ કરવા જતા કરંટ લાગતા ધડાકાભેર જમીન પર પટકાતા મહિલાના પરિવારજનો ઈજાગ્રસ્ત મહિલાને માલપુર દવાખાને ખસેડવાની તજવીજ હાથ ધરાતા મહિલા દવાખાન પહોંચે તે પહેલા રસ્તામાં પ્રાણ પંખેરું ઉડી જતા દવાખાનમાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા પરિવારજનોએ ભારે રોકકળ કરી મૂકી હતી. મહિલાને વીજ કરંટ લાગતા મોત નીપજ્યું હોવાની જાણ થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. માલપુર દવાખાને મોટી સંખ્યામાં મહિલાના પરિવાજનો અને સગા સંબંધીઓ ઉમટી પડ્યા હતા.

મોડાસાના કડીયાવાડા રોડ પર દુકાનદારો જાતે દબાણ હટાવવામાં જોતરાયા

નાગરપલિકાની નોટિસના પગલે દબાણકારોમાં ફફડાટ ફેલાયો

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં બસ સ્ટેન્ડથી કડીયાવાડા રોડ પર દુકાનદારોએ દુકાન બહાર દબાણ કરતા અને કેબીનધારકોએ નગરપાલિકાની મંજૂરી લીધા વગર રોડની આજુબાજુ કેબિનો ખડકી દેતા રોડ અદ્રશ્ય બન્યો હોય તેમ ટ્રાફિકજામ સતત રહેતા નગરપાલિકાતંત્ર દ્વારા બસસ્ટેન્ડથી કડીયાવાડા રોડ પર ગેરકાયદેસર દબાણ કરનાર ૩૦ જેટલા દબાણકારોને અને કેબીનધારકોને નોટિસ આપી ત્રણ દિવસમાં દબાણ હટાવવા અને નોટિસનો ત્રણ દિવસમાં યોગ્ય ખુલાસો નહિ કરાયતો જેસીબી મશીન દ્વારા દબાણ દૂર કરવાની અને સખ્ત કાર્યવાહી કરવાની ચીમકીના પગલે કેટલાક દુકાનધારકોએ દુકાન આગળ પતરાના શેડ બાંધી કરાયેલ દબાણ જાતે જ દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરી નગરપાલિકાની નોટિસનો જવાબ આપવાની તજવીજ હાથ ધરી હતી. શહેરીજનોએ નગરપાલિકા તંત્ર દ્વારા કરાયેલ સર્વે મુજબ દબાણ હટાવવામાં આવે તેવી માંગ પ્રબળ બની છે.

મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા શહેરમાં માથાના દુખાવા સમાન

બનેલી ટ્રાફિક સમસ્યામાં ધંધાર્થીઓએ અને રહેણાંક વિસ્તારોમાં દબાણના પગલે ટ્રાફિક સમસ્યા ઘેરી બનતા નગરપાલિકા તંત્રે શહેરમાં સર્વેની કામગીરી હાથ ધરાવી તમામ દબાણો હટાવવાની કવાયતના ભાગરૂપે બસ સ્ટેન્ડથી કડીયાવાડા રોડ પર વિકરાળ બનેલી ટ્રાફિક સમસ્યા દૂર કરવા દબાણકારો અને કેબીનધારકોને ગેરકાયદેસર દબાણ દૂર કરવા નોટિસ ફટકારતા દબાણકારોમાં ફફડાટ ફેલાતા કેટલાક દુકાનદારોએ જાતે દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. હજુ પણ મોટાભાગની દુકાનોના દબાણો અને કેબિનો યથાવત રહેતા નગરપાલિકાતંત્ર દ્વારા અપાયેલ નોટિસની સમય મર્યાદા પૂર્ણ થતાની સાથે દબાણ હટાવવામાં આવે તેવું પ્રજાજનો ઈચ્છી રહ્યા છે.

મોડાસા બસ સ્ટેન્ડ લિઓ પોલીસ ચોકીથી રામપાર્ક સોસાયટી સુધીના માર્ગ પર ગંદકી અને ટ્રાફિક સમસ્યા અંગે મોડાસા નગરપાલિકા પ્રમુખ સુભાષ શાહને જાગૃત નાગરિકો દ્વારા ધ્યાન દોરાતા દોડી આવ્યા હતા અને સ્થળ પર ઉભા રહી સમગ્ર રોડનું સ્વચ્છતા અભિયાન હાથ ધરાવ્યુ હતું અને રોડ પર આડેધડ વાહનોના પાર્કિંગથી સર્જાતી ટ્રાફિક સમસ્યા સામે વાહનો ડિટેન કરવાની કામગીરી હાથ ધરી હતી.